| | | |
|---|---|---|
| | પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.<br>પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧<br>વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦<br>કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪<br>e-mail : special.cp.sur@gmail.com | |

## :: જાહેરનામું ::

### -: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ-:

**ક્રમાંક:એસ.બી./નદી – તળાવો/ ૮૫ /૨૦૨૫**

તાજેતરમાં રાજ્યમાં જુદી-જુદી જગ્યાઓએ નદી, તળાવો, નહેર, દરીયામાં નહાવા પડેલા વ્યક્તિઓના ડુબી જવાથી મરણ ગયેલની ઘટના બનેલ જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવી જગ્યાઓએ કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તાત્કાલિક અસરથી જરૂરી પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

## :: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

નીચે જણાવેલ જગ્યાઓએ નહાવા પર તથા ભારે ભીડ થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

| અ.નુ | પો. સ્ટે નુ નામ | ભયજનક જળાશયો/તળાવ,નહેર |
|---|---|---|
| ૦૧ | સચીન | શ્રી રામનગર તળાવ ગુ. હા. બોર્ડ |
| ૦૨ | સચીન | પારડી બસ સ્ટેન્ડ ની પાછળ ના ભાગે તળાવ પર |
| ૦૩ | સચીન | સાઉથ ઝોન ઓફિસની પાછળના ભાગે તળાવ |
| ૦૪ | સચીન | ઇકલેરા ગામ તળાવ |
| ૦૫ | સચીન | ખરવાસાગામ તળાવ |
| ૦૬ | સચીન | બોણંદગામ તળાવ |
| ૦૭ | સચીન | વક્તાણાગામ તળાવ |
| ૦૮ | સચીન | પોપડાગામ તળાવ |
| ૦૯ | સચીન | મિંઢોળા નદી લાજપોર ગામ |
| ૧૦ | પુણા | રંગ અવધુત સોસાયટી ચાર રસ્તા થી રેશમા સર્કલ, પર્વત પાટીયા થી સમ્રાટ સ્કુલ ચાર રસ્તા સુધી પસાર થતી નહેર |
| ૧૧ | પુણા | પુણા ગામ તળાવ |
| ૧૨ | અમરોલી/ ઉત્રાણ | કાકરાપાર ડેમ જમણી બાજુની નહેર (કામરેજ થી હજીરા તરફ જતી) |
| ૧૩ | ઇચ્છાપોર | ઇચ્છાપોરગામ તળાવ |
| ૧૪ | ઇચ્છાપોર | ભટલાઇગામ તળાવ |
| ૧૫ | ઇચ્છાપોર | જુના કવાસગામ તળાવ |
| ૧૬ | ઇચ્છાપોર | ભાટપોરગામ તળાવ |
| ૧૭ | જહાંગીરપુરા | કુંકણી નહેરથી ગોળાગરનાળા (વરીયાવ સુધીનો નહેરનો ભાગ) |
| ૧૭ | ડીંડોલી | છટ તળાવ, ડીંડોલી ગામ |
| ૧૮ | ડીંડોલી | કરાડવા ગામ તળાવ |
| ૧૯ | ડીંડોલી | સણીયા ગામ તળાવ તેજાનંદધામ મંદિરની પાસે |
| ૨૦ | ડીંડોલી | દેલાડવા ગામ તળાવ |
| ૨૧ | ડીંડોલી | મધુરમ સર્કલ કેનાલ |
| ૨૨ | સલાબતપુરા | ગોપી તળાવ |
| ૨૨ | હજીરા | મોરા તળાવ |
| ૨૩ | રાંદેર | દાંડી રોડ થી ગોગા ચોક સુધી તથા ગૌરવપથ સુધી કેનાલ (નહેર) |
| ૨૪ | રાંદેર | બોટનીકલ ગાર્ડન તળાવ |
| ૨૫ | સરથાણા | નહેર(શાયોના પ્લાઝા થી માં અમર ચોક-હવેલી સુધી) |
| ૨૬ | સરથાણા | પાસોદરા ગામ માં ઓમ ટાઉનશીપ વિ-૩ ની સામે આવેલ તળાવ |
| ૨૭ | ડુમ્મસ | ડુમ્મસ બીચ- દરીયા કિનારો |
| ૨૮ | ડુમસ | કાદી ફળીયુ પાસે આવેલ તળાવ |
| ૨૯ | ડુમસ | ભીમપોરગામ તળાવ |
| ૩૦ | ડુમસ | આભવાગામ તળાવ |
| ૩૧ | ડુમસ | ગવીયરગામ તળાવ |

| | | |
|---|---|---|
| ૩૨ | હજીરા | સુવાલી બીચ- દરીયા કિનારો |
| ૩૩ | | તાપી નદીના કિનારા<br>(સરથાણા, કાપોદ્રા, વરાછા, અમરોલી, ઉત્રાણ, કતારગામ, ચોકબજાર, સિંગણપોર, જહાંગીરપુરા, પાલ, રાંદેર, અડાજણ, અઠવા, ઉમરા, ડુમ્મસ, ઇચ્છાપોર પો.સ્ટે. વિસ્તાર ) |

**:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::**

**સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.**

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

**:: જાહેર વિજ્ઞપ્તિ ::**

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સુરત શહેર
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક તથા ક્રાઇમ, સેક્ટર-૨ સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

સવિનય નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય
(૧૦) નિયામકશ્રી,માહિતી ખાતુ,ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, (નાનપુરા બહુમાળી,સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત, સેવાસદન-૨, અઠવાલાઇન્સ,
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત.(સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)